# છૂંદણાં

‘તો લે! હાંભર્ય વાર્તા…’

‘વાલી! એ વાલી…! હાઇલ આમ બારી નિહર્ય. હાઇલ ત્રાજવાં ત્રોફાવવાનાં સે તાર ડીલે… આમ જો, આંઈ પાડોહ આખાની સોકરિયું આવી ગ્યું. હાઇલ… હાઇલ ઝટ કર્ય. બે-બે મશીનુંવારા બેહાડ્યા સે આઇજ તો!’

ફરિયામાંથી સોકરીની આઈયે રાડ નાખી એટલે તરત જ ઘરમાંથી ક્યાંકથીક ઊંડે-ઊંડેથી દબાયેલો હાદ ફૂટ્યો :

‘ના… આઈ! નઈ… નઈ…! મારે કાંઈ નથ કરવું. હું નઈ આવું બાર્ય! જી કરવું હોય ઈ કરો. ભલે આખા ગામની સોકરિયું ડિલ સિત્રાવે… મારે હોયું નેથ ખાવ્યું.’

‘પછી?’

‘પસી એક સોવણી-કેડયું ઘરમાં ગઇરું. ખાટલા હેઠેથી કૂણો-કૂણો હાથ ઝાલીને ઈ બરસટ હાથે તો જો બર કૈરું કે તરફડિયાં મારતી સોકરી ઢહડાતી-ઢહડાતી ફરિયામાં ઘા થઈ. કૂણો હાથ સૂટવા હાટું મલ્લક નોરા કરે, પણ એની કાંઈ કારી નો ફાવી. બરસટ હાથમાંથી કૂણો હાથ મિશીનવારાના હાથમાં પરખાવાઈ ગ્યો.’

‘અરરર! પછી?’

‘પસી કાંવ! મિશીનનું કામ તો ડિલ વીંધવાનું! થાવા મંડ્યું મશીનમાં તળેળાટ્યું. ટ્... ટ્... ટર... ટ્. કરતુંક ને મિશીન તો ડિલ વીંધતુ જાય.’

‘હેં! પછી... આઈ!’

‘લે! પસી... પસી...કાંવ વોય! આ કાંઈ વાર્તા થોડી સે! ઈ હાથ એટલે આ યું આ... જોઈ લે જો, પસી આ ભાઈતું ઊઠી... હવીં તો અસ્સલ લાગે ને! ઈ બધું મેલ તડકે ને હવીં આંખ્યું મીંસીને ઘોટાઈ જા. હંધાઈ હૂઈ ગ્યા લાગે! આમ તાં જો કેટલી રાઇત થઈ ગી! મને લાગે તાર મા તો કંયુ કંયુની હૂઈ ગી લાગે! ઘરની માલીકોરથી હસર બન થઈ ગ્યો... જો! હૂઈ જા.’

છોકરીએ ડોસી તરફ પડખું ફર્યું એટલે ખાટલામાં તળતળાટી થઈ.

‘આઈ! વાર્તા કરો ને એટલે આઘડી નીંદર આવી જાહે.’

‘ના... વો! રોજ-રોજ ક્યાંથી કાઢવી વાર્તાયું! તું સે ને કાઇલથી તાર મા ભેરી જ હૂતી જાજે. ઈ કેહે વાર્તાયું. માર પાંહે હવીં વાર્તાયું ખૂટી ગ્યું. ને હવીં તુંય દી પા દ્યે ઢાંગી થાતી જાય સે તી આપણને બેયને એક ખાટલામાં હાંકળ થાય. એમાંય આ ઉનારાના દીમાં તો મુર્ય કોઈ અડે ઈ નો ગમે. એટલે કવ સું કે કાઇલથી તો તાર મા ભેરી જ ઘલાજે. વો ને! વો?’

‘ના...વો! મારે ઈ કાંઈ ધંધો નેથ કરવો. તમાર જેવી વાર્તાયું તો કોઈને નો આવડે. મારી મા તો વાંહામાં ધબ્બો જ નાખે સીધો. હું જીવું ન્યાં લગી કોઈ ભેગી નઈ હૂવ. તમાર ભેરી જ હૂવાની જાવ.’

‘હા, તો હૂઈ જા નક્કર તાર માને બરકું.’

‘ના... પેલ્લા વાર્તા કયો પછી જ હુઈસ.’

'લે! આ તો કોઈ માથાકૂટણી સે! હવીં ખૂટી ગ્યું વાર્તાયું.'

'તો તમારી વાર્તા કરો... આઈ તમીં રોયાં'તાં આ છૂંદણાં કરાવતાં'તાં તંયે?'

છોકરીએ ડોસીના કરચલીવાળા હાથ ઉપર પોતાનો કૂણો હાથ ફેરવ્યો. હાથની કરચલીઓને ચપટીમાં ભરીને ચામડીની કુમાશનો સ્પર્શ કરતી છોકરી તારોળિયા સામું જોઈ રહી. ઉનાળાનું આકાશ અને તારાનો વૈભવ! ઉપરથી અડધો-પડધો ચાંદો. ડોસીએ પણ ઝાંખી નજર ચાંદા ઉપર ટેકવી.

'પછી ક્યો ને આઈ!'

પછી ખુલ્લા આકાશ હેઠે અંધારામાં ઝબોળીને ડોસીએ વાર્તા માંડી :

'ટ્... ટ્... ટર... ટ્... મિશીનમાં તળતળાટી થાવા માંડી. મીં તો ઘડીક ઠેકડા માર્યા. મારી આઈ ક્યે કે 'વાલી! માર પેટ... થૈર થઈ જા. હવીં તારું કાંઈ ડા'પણ હાલવાનું નેથ, બેન! તાર આતો દેખી જાહે તો પઈડાં માંથે પાટું દેહે.' ને હું મોંમાં સૂંદડીનો ગાભો ભરાવીને થૈર થઈ ગી. ઉં કે આં કાંઈ નો બોલી. મિશીન હાથ માંથે ફરતું જાય. તળતળાટી બોલતી જાય. ઉપર્ય તેલ-પાણીનું પોતું મેલાતું જાય. ટ્... ટ્... ટર... ટ્... ક્યાંક તો લોઈના સાંઠા થઈ જાય. બાપુજીની બીકું નો વોત તો તો મીં બોકાહાં નાઈખા વોત. પણ સૂંદડી હતી તી હારું થ્યું.'

છોકરીએ રસ દાખવતાં પડખું બદલ્યું. ખાટલાનું વાણ જરા અમથું તળતળાટ થયું.

'છૂંદણાં કેમ ધરાર પડાઈવા'તા તમને?'

'એમ કે'વાય કે ઈ સે ને બાઈ માણહનું ઘરેણું કે'વાય. આપણી ન્યાતની સાપ કે'વાય. મન પડે ઈંમ ન પાડવાના વોય કાંઈ! કોણ,

ક્યાં, કેવું ત્રાજવું નખવે ઈનું શાસ્તર સે બેન! જો, મોઢા માંથે એટલે આંઈ દાઢી પાંહે નખવે તો ઈંમ કે'વાય કે કોઈની મેલી નજરું નો લાગે. પસી આંઈ પગની ઘૂંટી ઉપર્ય નખવે તો એનો અરથ ઈંમ કે ઘરમાં કેડ હમાણું કામ ને ગોઠણ હમાણું ધાન... કોક તો કે'તું કે જી બાઈ આ અવતારમાં ત્રાજવાં ન પડવે ઈંને આવતા અવતારમાં હાંઢિયાનો અવતાર મળે. એનાથી રહોળીની ગાંઠ્યુંય નો થાય એમેય ઘણાય તો ક્યે. હું તો કવ કે ઈ બાયુંની સેન શક્તિની કસોટી કે'વાય. બત્રીહ કોઠે ઝણઝણાટ્યું પુગે બાપ! ઈ વેદના સેન કરી લ્યે પસી બીજા દખનું કાંવ જોર! દખ તો ભુલાઈ જાય ને આજીવન ઈ ભાઈતું ડિલે રઈ જાય. જંઈ-જંઈ કાંઈ દખ પડે તંઈ આ વેદનાને હંભારી લેવાની. ઈ તો દખનાં હંભાઈણાં કે'વાય... ઈંમ માર કાકી કે'તાં. ને કે'તાં કે મરી જાયે તો કાંઈ ભેગું નો આવે, પણ આ ડિલના ડામ... આ... ત્રાજવાં સે ને સમસાનમાંય ભેગાં આવે. બીજું કાંઈ ટકે કે નો ટકે, પણ આ તો જીવનભર્ય હારોહાર્ય!'

'પછી તમીં કેટલી વાર લગી રોયાં'તાં?'

'મારી વાત હાંભર્ય! એક હાર્યે બે-બે મિશીનુંવારા વો! હામેના ઘેરમાંથીય કૂણા-કૂણા હાથ તરફડિયાં મારતા આઈવા. ને આપણા ડેલામાં તો બાયું ને સોકરિયું હમાઈ નઈં એટલી ભેગી થી. મિશીનની તળતળાટી થાય. ટ્... ટ્... ટર... ટ્... ઈ હંધ્યુંયનાં આંહુડાંય વહ્યાં જાય. તી ઈ જોઈને મને કાંક હાંહ હેઠો બેઠો. ન્યાં જેટલ્યું બેઠ્યું'ત્યું ઈંને હંધ્યુંયને ટોસાવાનું જ હતું. રોયે કે ન રોયે! કોઈ ભગવાનનું નામ નખવે, કોઈ વરી બેનપણિયુંનું. હગપણ નક્કી થઈ ગ્યાં વોય ઈ એના ઘરવારાનાં નામ નખવે. હરવણ કાવડ, હાત ભાયા, હરવણ પગલાં, પીપરાનું પાન, વાવ ને ડોકે કરાવે એને સુરનારાયણ ક્યે. એમાંય પાસું હઉ-હઉની કોમના નોખ-નોખા વોય. મીં 'રામ' લખાઈવું'તું.'

'લાખો એટલે કોણ? તમાર હાથે એવું લખેલ છે ને!'

'તું તો કોઈ નકટી સે! હવીં હૂવું સે કે નઈં? અધૂરી વાર્તા કાલ કરૈહ.'

ડોસીએ છોકરીના વાંસામાં હાથ ફેરવ્યો. ઝાંખો દેખાતો ચાંદો એવો જ લાગતો હતો, જેવો વર્ષો પહેલાંની એક રાતે નવપરણેતરના ખોરડા ઉપર ઠંડક વેરતો હતો. યુવાને તેના પડખામાં સૂતેલી વાલીને વહાલથી કહેલું, 'ભાભીનો હાથ જોયો ત્યેં? ઈંમાં ભાઈનું નામ નખવેલ સે. તુંય મારું નામ નખવી લેજે.' અને ખાટલામાં તળતળાટી. એ જ સાલ મેળામાં મશીનવાળા પાસે જઈને નામ નખાવ્યું. ફરી ટ્... ટ્... ટર... ટ્... પણ આ ફેલ્લે દુખ્યું કેમ નહીં હોય! એ જ ચાંદો, એવી જ રાત, એ જ હાથ અને એ જ વાર્તા. એ જ હાથ છોકરીના વાંસામાં ફરતો હતો.

છોકરી સૂઈ ગઈ. હળવે-હળવે ચાંદો પણ પોઢી ગયો. સવાર ઊગી. જાણે કોરા આકાશમાં કોઈ છૂંદણું ત્રોફાવી ગયું હોય અને સૂરજ જેવી ભાત ઊપસી આવી હોય! વળી લોહીની ટશર ન ફૂટી હોય! છોકરી ઊઠી. તેના પડખામાં સૂતેલી ડોસી જાગતી જ હતી. છોકરીએ હાથે, ડોકે, દાઢીએ છૂંદાવેલાં છૂંદણાં ઉપર નજર ફેરવી. એ તો રોજ જોયાં હતાં, પણ આજ કંઈક જુદાં જ લાગતાં હતાં. રાતોરાત ડોસી નાની છોકરી થઈ ન ગઈ હોય જાણે! કૂણા-કૂણા હાથ વાળી છોકરી. સવારની ટાઢકમાં ઝબોળાયેલાં છૂંદણાં લીલમ જેવા ઝગારા મારતાં હતાં. છોકરીને પ્રેમનો ઊભરો આવ્યો અને આઈને ભેટી પડી.

'પુરી! ઊઠી ગી? ઝટ શિરામણ કરી લે. માર ભેરું તળાવે લૂગડાં ધોવા આવવાનું સે.' છોકરીની મા એ સાદ કર્યો. આળસ લેતી એ પથારીમાંથી બેઠી થઈ. ડોસીએ વિખાયેલા વાળ ભેગા કરી અબુંડો બાંધી આપ્યો. આજે રાતે અધૂરી વાર્તા જાણવા મળશે એવા ઉત્સાહમાં

છોકરી ઠેકડા મારતી ઘરમાં ચાલી ગઈ અને પછી શિરામણ કરીને અધૂરી વાર્તાના ઓરતા ચાલ્યા તળાવે. લૂગડાં ધોવા. તળાવે એણે એની માને પૂછી જ લીધું.

'મા, લાખો એટલે કોણ?' છાપરા ઉપર બેસીને પાણીમાં છબછબિયાં બોલાવતાં પુરીએ પૂછ્યું.

'આતો.'

'ઈ ક્યાં યેં?'

'એના ઘેરે, ને આમ પાણીમાંથી બાર્ય નિકર્ય તો...! હું આ દઉં ઈ ગાભા બોરડીમાંથે હૂકવતી આવ. જો ઓલી બોરડીમાંથે.'

'હેં મા તુંય રોઈ'તી તને ત્રાજવાં નાખ્યાં તે દી?'

'રુંગાં તો આવે જ ને! માણહ સિયે કાંઈ. હોયું કોઈના બાપની હગી થોડી થાય!'

છોકરી ગહન વિચાર લેતી તગારું લઈને બોરડી તરફ ચાલી. બોરડીના જાળામાં ઝાટકી-ઝાટકીને ચૂંદડી, ચણિયા, બુશકોટ-પૅન્ટ સૂકવ્યાં ને સુકાઈ ગયા ત્યારે ભેગા કરતી વેળાએ એક જાળું એવું તો હાથને ચોંટી પડ્યું કે કૂણા-કૂણા હાથને ઊતરડી નાખ્યો. લોહીની ટશરો ફૂટી બત્રીસ કોઠે ઝણઝણાટી પહોંચી.

રાતે અંધારામાં વાલી આઈએ છોકરીના કૂણા હાથ પરના ઢીમચા પકડી પાડ્યા.

'આ કાંવ થ્યું?'

'તળાવે, લૂગડાં સૂકવતી'તી ને તંઈ હાથ બોરડીના જાળામાં ભરાઈ ગ્યો.'

'લે! રોવું આઇવું'તું?' આઈએ હસીને પૂછ્યું. છોકરી આડી વાતે

ચડી ગઈ અને ડોસીની વાર્તા પણ ઠેબે ચડી ગઈ. તે ઠેઠ દોઢેક વર્ષ પછી કોઈક સમાચાર આપી ગયું કે ડોહો ગુજરી ગ્યો સે. ફળિયામાં બૂંગણ પથરાયું. લાકડાની ખુરશી મુકાઈ અને એમાં ડોસાનો હાર ચડાવેલો ફોટો. લોબાનની અગરબત્તી ચેતાવાઈ. ક્રિયાકાંડ થયાં. સરામણું થયું અને છોકરા જમાડ્યા. બ્રાહ્મણ-બાવાજીને દાન-ધરમ કર્યાં, પણ કોઈના અંતર ઉદાસ નહીં અને છોકરી તો સમજી જ નહીં કે આઈની વાર્તામાં આ આતાની કાણ કરવાનો પરસંગ વળી ક્યાંથી આવ્યો! છોકરીને સવાલ થયો એટલે બાજરાનું બાચકું લેવા બજારે જતી હતી ત્યારે એના પપ્પાની સુઝુકી ગાડીમાં પાછળ બેઠાં-બેઠાં એણે પૂછી જ લીધું.

'પપ્પા, આતા કેમ આપણા ભેગા ન'તા રે'તા?'

'આપણે ઈંના ભેગા નો'તા રે'તા.'

'કાં?'

'કાં કે આઈને નો'તું રે'વુ. તું બાચકું હરખું જાલજે વો! ક્યાંક હરકી જાય નઈં.'

અને ફરી પાછું આઈની વાર્તા ઉપર બે મણનું બાચકું મુકાઈ ગયું. છોકરી યુવાન થતી ચાલી એમ-એમ ડોસી ઘરડી થતી જતી હતી. ભણતર, બહેનપણીઓ, નવા મકાન, શાક-સંભારાના વઘાર શીખ્યા, સુઝુકી ને બદલે અલ્ટો ગાડીમાં બાચકું લેવાતું થયું, સાંજે પોતપોતાના પલંગ પર ચડીને ટીવીમાં ખોવાઈ જાય, વાર્તાનો જમાનો પૂરો. તારોળિયા એની રીતે ટમટમ્યા કરે. થાકી જાય એટલે ક્યાંક ઓઝલ થઈ જાય. ડોસી એના ખાટલામાં પડખાં ફેરવ્યાં કરે. શરીર પર કરચલીઓના વળ ચડી ગયા. એ કરચલીઓમાં અધકચરા લપાઈ જતાં તેનાં છૂંદણાં હવે તો જાણે શરીર પરનાં લીલાં ચાંઠાં જેવાં

લાગતાં. ડોસીની હાજરીમાં વાતો થતી તે નવી-નવી ફૅશનની, ઢોસા ને ઇડલીની રેસિપીની, આલ્યા અને માલ્યાની નતનવીન વાતો. પણ ન થઈ તે એક ડોસીની વાર્તા. બે મણનું બાચકું ખસ્યું જ નહીં. હવે તો છોકરીનાં લગ્ન લેવાયાં. પુરીને બદલે કંકોત્રીમાં પૂજા નામ છપાયું. મંડપ રોપાયા, મીંઢોળ બંધાયા, ખભ્ભે ખેસ પસવારતાં ગોર મા'રાજે વિધિ ભણી. ફેરા ફર્યા અને છેલ્લે ફોટો પડાવવા માટે આઈને માંડવા હેઠે બોલાવ્યાં. વર-કન્યાને છૂંદણાંવાળા હાથે આશીર્વાદ આપે એવો ફોટો પડાવ્યો. અને પૂજાબહેન આંસુ સારતાં વિદાય લઈને મોટરમાં ગોઠવાયાં અને ડોસી ફરી એમના ખાટલે.

ડોસી ગળતાં જતાં હતાં એમ વાર્તા પણ ઓગળતી જતી હતી. હવે તો સવાર-સાંજ ખાટલે જ થાળી પીરસાઈ જાય. ઘરમાં ડોસી એટલે એક ખાટલા જેટલી જગ્યા. ગામમાં નાની-મોટી ઘટના બને તે આસપાસની ડોસીઓનાં મોઢે ઠેબા ખાતી આવી પડે તેટલા પૂરતા મનોરંજનમાં જીવન નામનો રસ એના બોખા ઝાડબમાં એ ચાવ્યા કરે. સૂતાં-સૂતાં બસ દિવસો ગણે અને ખાટલામાં પડખાં ફેરવે. હવે તો ખાટલાનું વાણ પણ થોડું ઢીલું પડી ગયું તે જોઈએ એવી તળેળાટી પણ ન થાય. આંખે અંધારા અને મોઢે થૂંક આવી પડે. બોલે તો હાંફ ચડે, સૂતાં રહે તો ડિલ દુઃખે અને ચાલે તો ટાંગા. શરીર પીગળી ગયું, સુકાઈ ગયેલા ફૂલ જેવું ચીમડાઈ ગયું. શરીર તો ધૂળિયા મારગ પરનો લીસોટો, ધીમે-ધીમે ભૂંસાતો જાય, પણ ન ભૂંસાઈ તે સ્મૃતિ, વાર્તા, પોતાના જીવનની વાર્તા.

ચોઘડિયા જોઈને પુરીનું આણું કરી આવ્યા. વાલીઆઈની જોટાજોટ એનો પલંગ ગોઠવાયો. ઘર હતું એવું ગાજતું થયું. પુરીબહેન તો આખો દી બસ તેનાં સાસરિયાંની, ઘર ને વરની, એના ઘરના રૂઢી -રિવાજ ને ખાણીપીણીની વાતો કર્યા કરે. વાલીઆઈ બોખું હસ્યા

કરે. શિયાળાના દિવસો તે એક વાર પોતાના હાથ માખતાં-માખતાં છોકરીએ એની આઈને પણ બૉડી લોશન માખી દીધું. ઘરમાં સુગંધ ફેલાઈ. હાથ ઉપરનાં છૂંદણાં ઘણા સમયે લીલકાયાં. જાણે લંઘાઈ ગયેલા છોડ ઉપર કોઈએ પાણી ન છાંટ્યું હોય!

'આઈ! મેં પણ હાથમાં ટેટુ કરાવ્યું છે, પણ તમને હવે દેખાશે નહીં. મેં કાંઈ તમારા જેવી ડિઝાઇનું નથી કરાવી, પણ એક મોરપીંછ કરાવ્યું છે અને તમાર જમાઈનું નામ લખાવ્યું... અંગ્રેજીમાં... હિતેશ.'

'અરે! એવું કાંઈ ન કરાવાય બેન! મારે તો આ ટેભાવતા તો ટેભાવાઈ ગ્યું.' આઈ પથારીમાંથી જોર કરીને બેઠાં થયાં.

'એમ કેમ? આઈ હું જીનકી હતી તંય આપણે આઈ-દીકરી સૂતાં-સૂતાં વાર્તાયું કરતાં યાદ છે?'

આઈએ દાંત વગરના ગોખલામાંથી દાંત કાઢ્યા.

'હાલો ક્યો હવે કોઈ વાર્તા, મારેય માર છોકરાવને કરવા થાશે.'

'હવીં કાંઈ યાદ નથ, બીન! ને બોલવાની હોંયાય નથ. હવીં તો ભગવાન દોરી ખેંસી લ્યે એટલે વાર્તા પૂરી.'

'એમ કાંઈ જાવાનું નથ તમારે! માર છોકરાનું મોઢું નથ જોવું? એમ થોડી કાંઈ વાર્તા પૂરી થાય! બીજી કોઈ વાતું નથ કરવી આપણે, તમારી વાતું કરો હાલો. કોઈને ન કીધી હોય એવી કાંક વાતું, આઈ. પછી મનની વાતું મનમાં ન રઈ જાય. ક્યો ને...'

'તો લે હાંભર્ય...'

અને વર્ષોથી ડોસીના તાળવે ચોંટી ગઈ હતી તે વાર્તા હોઠે ઊતરી.

'સોકરીના તો હાથ સુંદાઇવા, પગ ત્રોફાઇવા ને દાઢીએ ટપકું ટેભાઇવું એવામાં તો એનાં રૂપ ઊઘડી આઇવાં. રૂપના પણ કાંઈ

રોટલા થાય! સોકરીના હાથું-પગુંની લીલી મેંદિયું જોઈને નાઇતમાંથી સોકરીમાં જીવ નાખવા મંડ્યા. એક દી વેલ્લી હવારની બસમાં મે'માન આઇવા. સા-પાણી થ્યાં ને બપોરા ટાણે રોટલા સાવતાં-સાવતાં હગપણ નક્કી થ્યાં. વેવાયુંએ ભેટી-ભેટીને ખાંડું ખવડાવ્યું ને મે'માન તો પાસા હાંજની બસમાં હાઇલા ગ્યા.

બીજે દી સોકરી ઘરમાં નાઈ-ધોઈને આવી એટલે એની આઈ ક્યે : હાઇલ તને ઢારવાની ગાઇઠ વારતા હીખવું. હાઇલ આજ તું રોટલા ઢીબ. આજ શ્યાકનો વઘાર તું કરજે, હવેડેથી પાણી ભરવા જા તંય હવે નકરી ગાગર લઈને નો જાતી, હવીં મોટી થઈ ગઈ બેડું લેજે અને હાં, બે પગ ભેગા રાખીને હાલવાનું.' ને હંધિય વિદ્યા હીખતાં-હીખતાં વરહ ખૂટી પડ્યાં. સાતી ભરાણી ને સાતીનાં ત્રાજવાં ફૂઇલાં. ઢોલી તેડાઇવા, ઉંબરે આંબાના તોરણ લગાઇવા, લાપસીનાં આંધણ ઓર્યાં, ખાંડું પૈણાઇવું, પૈડું હીંસ્યું ને કરી સોકરીને વિદાય. ઓલી કોર પોખણાં કર્યાં ને ગોત્રેજ જારી. રાત પડી. ઢોલિયા પથરાણા. તંયે સોકરીને ઢારવાની ગાઈઠ મારતા તો આવડી પણ ખોલતાં ન આવડે... અને એનીયે તો...'

ડોસી બોલતાં-બોલતાં હાંફી ગયાં. શરીર થાક્યું. પરસેવો વળતો હતો એટલે ઢારવાની ગાંઠ ઢીલી કરી ખાટલામાં લાંબાં થઈ ગયાં.

'પછી?'

'હવીં હું હૂઈ જાવ? હવીં તો ડિલ થાકી ગ્યું ને ઝડબુંય થાકી ગ્યું. વિહમી રઈ બેન!'

'તો લાઇટ બંધ કરી દઉં?' અને જવાબની રાહ જોયા વગર લાઇટબંધ થઈ ગઈ. ઘરમાં અંધારું અને અંધારામાં આખું ઘર સમાઈ ગયું.

'એય છોરી! ડિમળી કર. હાવ અંધારું નો રાખ. કોક આવે તો કાંક દેખાય-બેખાય!'

'કોણ આવે આઈ! આંય આપણા ઘરમાં કોણ આવવાનું?'

'તાર આતો.'

'માર આતા તો ઑફ થઈ ગ્યા, આઈ! તમને એમ સે કે ઈ હજી જીવે? ઈ ક્યાંથી આવે હવે! ઈ સે જ નઈં!'

'ઈ માણાને તું વરતતી નથ બેન! ઈ મરે બરે નઈં! કોકને મારી નાખે. ઈ નાગની જાઈત સે નાગ ની જાઈત. ગમે ન્યાંથી ભોડું કાઢીને ઘરમાં ગરી જાય. ખોરડે સડી જાય. ઈ નરિયા ખેહવીને આડહર જાલીને ઠેકડો મારે. માર ખાટલે પૂગે. હું રાડ્યું નાખું... નાખું ન્યાં લગીમાં તો ઈ ઢારવાની ગાઇઠ સોળી નાખે. હું મોઢામાં સૂંદડી ઘાલી જાવ, પણ ખાટલો થોડો મૂંગો ર્યે! ઈ તો તડતડાતી કરે જ ને!'

છોકરીને સમજાતું નહોતું આઈને અડધી રાતે શું થઈ ગયું હતું. એણે ઊભા થઈને ડીમળી કરી. ઓરડામાં અજવાળું થયું એટલે આઈ ખોંખારો ખાઈને બેઠાં થયાં. જાણે આજ તો એને વાર્તા કહેવી જ હોય એ અંદાજમાં. કોઈ સાંભળે કે ન સાંભળે. આજ કોઠો કોરો જ કરીને રહેવું છે.

'તાર આતાને સે ને માસલિયું બવ ગમતી. એટલે આખો દી નદીકોર આંટા દીધે રાખે. માસલિયું તો નદીકાંઠે હાડલા-બાડલા ઉતારીને પાણીમાં છબછબિયાં બોલાવે એમ-એમ આતો ભૂરાયો થાય. એક તો નદીના ઉસ્સા-ઉસ્સા ભાંઠા ને નકરા બાવરુ. સકલુંય ન ફરકે એવી ભેખડું. તાર આતો માસલિયું હાટું દાણા લઈ જાય. એક દી હું ને પબી નદીએ લૂગડાં ધોવા ગ્યાં. ને અમીં ન જોવાનું જોઈ લીધું. ઈ બાયું ભેગા... હવી કાંઈ નથ બોલવું મારે. ને મીં તો મારી પબીની

આંખ્યું આડા હાથ રાખી દીધા. ઘેર આવીને મીં આંહુડાં લૂસતાં માર જેઠને આખી કથા કીધી. એનીયે હાંજે વ્યારું ટાણે મા'ભારત ઉખેળી.

'કોની રાંડું ભેરો નાવા પડેશ ભાઠામાં?'

ને એણે જવાબ તો મોટાભાઈને દેવાને બદલે મને દીધો. ટિનનું સાલિયું સૂટું ઘા કઇરું મારા લમણા માંથે... જો આંય કપાર પાંહે હજી એંધાણ સે... ન્યાં લાઇગું. હું તો વોય મા કરતી રાંધણિયામાં લીટી થઈ. ને અંદરથી હાંકર દઈ દીધી નકર મને તો ઈ તેદુ મારી જ નાખત. ઈ તો ખૂટ્યા જેટલું બર કરીને ભાંભરોટા નાખે. ને મા-બેનને જીમ આવે ઈંમ ગાઈળું દ્યે. તી મોટા ભાયે તો થોબડા ઉપર્ય જો બુહટ દીધી ને! તી પસી કાંઈ બોઇલા-સાઇલા વગર્યના ભાગી ગ્યા. આખી રાત કોણ જાણે ક્યાં વઈ ગ્યા! મીં તો રોટલો ને શ્યાક એના ભાગનું ઢાંકી મેલ્યું. આવશે... આવશે ઈંમ જાણી ને! ને વાટ જોવામાં રાત વઈ ગઈ. હવારે જાં સાસ વલોવું ન્યાં માર જેઠાણીએ રાડ પાડી 'વાલી! ઘરમાં ગરી જાજે...આવે સે ઓલો. સોરના માથાની જેમ.' મને એનીયે ઝટ-ઝટ કપાહના ઘરમાં પૂરી દીધી. પબી ને કેશુ તો હજી પથારીમાં હૂતાં'તાં. એને લઈને હું માલીકોર કપાહમાં હંતાઈ ગઈ.

'ક્યાં ગઈ ઈ વંઠેલ? પંડના ભાઈડાના ઉઘાડા કરેશ!'

'ધીમે બોલો. કોઈ નથ ઘરમાં. ઈ વઈ ગઈ એને માવતર સોકરાંવને લઈને.'

'ઈંમ ક્યાં જાહે મને પુઇસા વગર્યની?'

અને રાંધણિયામાં જઈને શિરામણ કરવા મંડ્યા. સોકરાંવને જોઈને મને દયા આવી. ઈય ભૂખ્યાં થ્યાં હશે. ઠેઠ બપોર થાવા આઇવું તંય અમાર માંથેથી હાંકર ઊઘડી. ને એક તો કપાહની જીવાત! અમને

સ્યારી કોરથી સટકા ભરી ગઈ. માર જેઠાણી તો મારું બાવડું જાલીને મને ક્યે, 'જા વાલી... જા માર બેન! ભાગી જા. આ હવીં વકસી ગ્યો. મને તો લાગે એને કેમ જાણે કૂઇત્રાની જેમ હડકવા ઊપડ્યો હોય! ઈ કાંઈ તને હઇખે જીવવા નઈ દ્યે. એને હવીં કોઈ પાસો વારે ઈંમ નથ. જા. તાર જૈણાનો જરાક વિસાર કર. આનેય ઈ શાંતિ લેવા દેહે કાંઈ? આવો બાપ હોઈ! આવી ભડવાયું કરે ઈ એના જૈણાનો નો થાય બેન? બાપને ઘરની આબરૂ હાસવવાની હોય, પણ આંય તો બાપ જ આબરૂ ઉઘાડી કરે! તું આમા કાંવ સુખી થઈશ કે મને?'

કપાહના ઓરડામાંથી અમને એવી તો જીવાત સોંટી ગઈ'તી કે અમીં તો મા-સોરું ઊભાં-ઊભાં બસ વલૂર-વલૂર ખંજવાઇળા જ કરતાં'તાં. કાંવ કરવું ઈ કાંઈ મને હમજાતું જ નો'તું, પણ ભલું થાય ઈ મીંદડાનું કે અમીં વાતું કરતાં'તાં ને બરોબર્ય ઈ જ ટાણે બે મીંદડાં બાધતાં-બાધતાં ખોરડામાંથેથી ધોડીને નીકરાં. ખોરડામાંથે એવો ભટાકુટી અવાજ થ્યો કે અમને ઈંમ કે ઈ આઇવા. ને આઘડી અમારા સોંટા પાડી નાખહે. હું તો બીક મોઢે કાંઈ વિસાર્યા વગર સંપલા પે'રીને દે માર કરતી ભાગી. સોકરાંય બેય મારી વાંહે થ્યાં. ડેલી બા'રો પગ મેલતાં તો મને ધ્રાસકો પડ્યો. જાવ કે નો જાવ એમ કરીને પાસું ફરીને જોવ તાં તો માર જેઠાણી પગથિયે ઊભાં-ઊભાં 'જાવા દે... જાવા દે...' એવો હાથથી ઇશારો કરતાં'તાં. હું સપાટીને પગમાં જોરથી દબાવીને પટોપટ મંડી હાલવા. ક્યાં સકને આવી'તી કું જાણે આ ઘરમાં... ન ઘર મારું થ્યુ... ન વર.

આ ઘર ને વર હાટું તો કાળજા બા'ર આવી જાય એવાં કામ કર્યાં. લાજું ઢાંકીને ઘર હાસવ્યું, પેની ઢાંકી-ઢાંકીને પગ માંડ્યા... પણ કપારમાં કાણું હોય એને કોણ બૂરે? ને પસી તો કોઈ જોયા જેવી થઈ! અમીં ત્રણે મા-સોરું હાલતાં-હાલતાં ગામની બાર્ય નીકરાં ને ગામનો એક જણ અમને હાંભો જડ્યો. મને ક્યે : 'લે... ભાભી!

તમીં આવા હંજા ટાણે આમ કઈ કોરા ઊપડ્યાં? માર ભાઈ તો તમને ગામમાં ગોતતા'તા.' ઈ હાંભરીને તો મને જાક મોકરા થઈ ગ્યા. આંખે અંધાર આવવા મંડ્યાં, પણ પાસળ નજરું કરીને જોવ તાં મારા પગલે-પગલે બેય પુમડાં જેવાં સોકરાં હાઇલા આવે! બિસ્સારા!

ઈનો તો કાંઈ વાંક-ગુનો થોડો સે હેં! મારાથી નિહાહો નખાઈ ગ્યો... વાલી! આ સોકરા તારા ભરોંહે હાઇલાં આવે સે વો... બેન! હવીં જી થાય ઈ બાકી પાસાં ડગ તો નથ જ માંડવાં... ભલે ઈ ભેખડુંમાં જી લીલા કરવી હોય ઈ કરે, પણ હવીં એને દેવતા ગણીને પૂજવો નથ. ને કોણ જાણે ક્યાંથી મારામાં એટલું જોર આઇવું કે પબુડીને તો મીં કાંખમાં તેડી લીધી ને ખીમાનું જાઈલુ બાવડું! ડગલાં કેડ્યે ડગલાં હાલવા જ મંડી. ઠેઠ રાજબાઈમાંનું દેરું દેખાણું ન્યાં લગી એક હાંહે હાઇલા જ કરી... હાઇલા જ કરી. પસી નો રેવાણું મારાથી તી દેરામાં માતાજી પાંહે ખોરો પાથરીને રોવાઈ ગ્યું. મા! અવતાર એળે નો જાય! મા... તું લાજ રાખજે. કાંક મારી પુનાત વોય તો આ સોકરાંવ હાંભું જોજે! માણા તરસોડે તો ભલી તરસોડે... ભગવાન તું નો ભૂંડી કરતો મારી દઈશા... સોકરાંય બેય બોર-બોર આંહુડાં ખેરે. ન્યાં લગીમાં તો મીં હાકોટો હાંભર્યો. 'હી... હી...' કરતો કોક જણ બરદ-ગાડું લઈને નેરાણા ઢારો જાતો'તો.

'ક્યાં જાવું, ભાઈ?' મીં ઓઢણાથી મોઢું લુસી ને પૂઇસું. બિસ્સારો ઘડીક માર હાંભું જુવે ને ઘડીક સોકરાં હાંભું. પસી ક્યે : 'તમીં કયો ન્યાં મેલી જાવ, બીન! તમારા ઘર લગી કયો તો ઘર લગી.'

'ભગવાન તારું ભલું કરે ભાઈ...' ને હું બેય સોકરાંવને લઈને ગાડામાં બેઠી.

ડોસીને શ્વાસ ચડ્યો. હાંફી ગયાં. જાણે અત્યારે પણ કોઈક એનો પીછો ન કરતું હોય! હમણાં આવશે ને મારી નાખશે.

'આઈ! લાંબાં થઈ જાવ... કાંઈ નઈં હવે અધૂરી વાત કાલ કરજો. હવે જો તો કેટલી રાત થઈ ગઈ!'

'વાર્તા હાંભરી લે આઇજ... અમને નેરાણા પાટિયા લગી ભાઈ મેલી ગ્યો, પુરી! ઈ વખતમાં દીકરી ઘેરી નો આવે પાસી. વાવ-કૂવો મારગ દ્યે, પણ માવતર મારગ નો દ્યે. પાંસ-પાંસ ભાયુંના ઘીરે અનાજના ભંડારા પણ બાપડી બેન હાટું મુઠ્ઠી ધાન ન મરે. હવીં ક્યાં જાવ? ના... ના... મરીને તો હું માર જૈણાને મારતી જાઈશ... એનું કોઈ નો થાય બાપા! તો એનેય લેતી જાવ ભેગા? વાવમાં પડીએ? અગન પસોડા? ભાઈના ઉંબરે ઊભીને પૂસું 'ભાઈ ક્યાં જાવ હવીં? કાંવ કરું? તારે તો ભગવાનની દયાથી ઘર-ખોવડા હંધુંય સે... મને એક નાની ઓવડી જેટલી જઇગા દે માર વ્હાલા!' તી ભાઈને દયા આવી. મોટા ભાયે ઓવડી દીધી ને જિનકા ભાયે ભીંહ. બીજે દ્યેથી ભાઈના ખેતરે જ મૂલે જાવા માંડી.'

અને ડોસી બોલતી બંધ. પંખાનો ફરફર અવાજ ઘરમાં ફરે. વાર્તા થંભી ગઈ કે ડોસીનું જીવન? ઘરમાં ઘોર અંધારું. 'હવે વાર્તા પુરી?' એવો સવાલ છોકરી કરે એ પહેલાં જ ડોસીએ ધીમા ફૂસફૂસ અવાજે કહ્યું, 'ઈ આઇવા.'

'કોણ?'

'તાર આતા... રાત જેવી રાત. શેરીમાં કૂઇત્રાયે હસર ન કરે એવી રાત. એક ખાટલામાં હું હૂતી ને બીજામાં ઈ ભાઈ-બેન. જોજે વો... ઈ માણહની નફ્ફટાઈ જોજે. ઈ અડધી રાતે નળિયાં ખેહવીને ઘરમાં ઘઈરો. 'તમીં અત્યારે આંય હું કામ આઇવા?' એવું મીં ધીરા હાદે કીધું તો ઈ કાંઈ જવાબ ભરવાની વેંત કર્યા વગર માર ખાટલે સડી ગ્યા. નાળી ખોલી ને... મારે તો બોલવા જેવું કાંઈ નો યું તો મૂંગી થઈ ગઈ, પણ ખાટલો તળતળાટી કરે. આંખ્યું ખોલીને જોવ તાં ઉઘાડી

સતમાંથી અડધો ચાંદો દેખાય બાઈ! ને માર આંહુડાં રોક્યાં ન રોકાય. બાઈની જાત બે પગ વચ્ચેથી જ લાસાર! હવારે સોકરા પુસે કે ‘આઈ! માર બાપુજી આઇવા’તા તી અમાર હાટું કાંઈ લયાઈવા’તા?’ અને મને સાતીમાં હબાકા નીકરે! મનમાં કવ કે લ્યાવવાનું તો ન્યાં ર્યું... દીકરાવ ઈ તો મારું જી કાંઈ સે ઈય લેતા ગ્યા.

‘ને કાયમી ઈ ટાણે નળિયા ઊઘડે. નાળી સૂટે. આભ ઉઘાડું થાય. ચાંદો દેખાય. ખાટલો કણસતો રૂવે. ટ્... ટ્... ટર... ટ્... હું આંખ્યું મીંસી જાવ. મોંમાં સૂંદડી ભરાવી દઉં ને મને ઓલી સોકરી દેખાય. કૂણો-કૂણો હાથ ખાટલા હેઠેથી બાપુજી ઢહડીને લઈ જાય. ટ્... ટ્... ટર... ટ્...કરતું મિશીન સાલું થાય. હોયની અણી ખૂંતે. હું ઠેકડા મારું પણ મારું કાંઈ જોર નો હાલે. ને કાનમાં મારી મા ક્યે કે ‘વાલી! થૈર થઈ જા માર પેટ.’ હું જીવ વૈનાની થઈ જાવ. મિશીન સાલું ને સાલું. તળતળાટી બોલતી જાય. બત્રીહ કોઠે ઝણઝણાટી પુગે. ઘડીક તો કોઈ પીડા થાય! પણ પસી ડિલ બેરું થઈ જાય. ને કોઈની બીકું નો હોત તો મીં ખાટલામાં બોકાંહા નાઈખા વોત!’

ડોસીનો અવાજ તીણો થઈ ગયો. લાંબો શ્વાસ લીધો અને ખાટલામાં જપી ગયા. છોકરીથી રહેવાયું નહીં એટલે પેટને જાળવીને બેઠી થઈ અને આઈના ખાટલે ભેગી સૂઈ ગઈ. ડોસીનો હાથ ઝાલ્યો. ઠંડો બોર. બરાબર એ જ જગ્યાએ જ્યાં ‘લાખો’ કોતરાવ્યું હતું.

‘તાર બાપ એટલે કૂણ ખબર્ય?’

‘કોણ?’

‘દી કેડ્યે દી જાતા ગ્યા ને એક દી ભાઈના ખેતર્યમાં હું બાજરાના થૂલા વાઢું. ને મને આઇવાં સક્કર. ગોથું ખાઈને હેઠે પડી. દાક્તરને ન્યાં લઈ ગ્યા. દાક્તર ક્યે ‘બીન તો બેજીવસું સે...’ પસી તો મારો

વાંહો ને મોટા ભાઈની હોટી!

‘બોલ... ક્યાં ગઈ’તી?’

‘ક્યાંય નથ ગઈ, ભાઈ! તમારી નઝર હાંભે જ તો રવ સું.’

‘તો આ ફણગો ક્યાંથી ફૂટ્યો?’

હું તો કાંઈ નો બોલી. બાઈ માણહ એની પીડા હંતાડી જાણે પણ ઈંનું પેટ કેમ હંતાડે? ને ઈ હોટિયુંના માર એટલે તારો બાપ.’

●

ડોસી થાકીને સૂઈ ગયાં એટલે વાર્તા પૂરી.